## બોરસદમાં ફટાકડાના વેચાણ કે ઉત્પાદન સ્થળે ફાયર સેફ્ટી અંગે નિયમોનું ઉલ્લંઘન

# ફટાકડાના સ્ટોલ પર ફાયર સેફ્ટીનો અભાવ

**પરવાનગી વગર** હજારો કિલોના ફટાકડાનો જથ્થો ખડકી દેવાયો

આગ લાગવાના સંજોગોમાં જાનહાનિનો નગરજનોમાં ભય

(પ્રતિનિધિ) બોરસદ તા.27

બોરસદ શહેરના ટાઉનહોલ વિસ્તારમાં સરકારના ફાયર સેફ્ટી વગરના દારૂખાનાના 30 થી વધુ સ્ટોલ ફટાકડા સહિતની ચીજવસ્તુઓ વેચવા માટે ધમધમી રહ્યા છે. સરકારના નિયમો કરતો હજારો કિલો વધુ દારૂખાના નો જથ્થો સંગ્રહ કરાયો છે. જો કોઈ આગ લાગશે તો મોટી જાનહાની થવાની દહેશતથી લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

બોરસદ શહેર દારૂખાનાની ખરીદી માટે આણંદ જિલ્લાના ગામે ગામ ઉપરાંત વડોદરા જીલ્લાના ઘણા બધા વિસ્તારોમાં આવતા લોકો માટે પ્રખ્યાત ગણાય છે. કારણ કે બોરસદ ખાતે જથ્થાબંધ દારૂખાનું બીજા બધા વેચાણ સ્થળો, બજારો કરતાં ઘણું સસ્તું મળતું હોય છે. જેને કારણે બોરસદના ટાઉનહોલ વિસ્તારમાં હાલ દારૂખાનાના વેચાણ માટે મોટી હાટડીઓ મંડાઈ ગઈ છે. સરકારના અધિનિયમ મુજબ માત્ર 350 કિલોના જથ્થાની મર્યાદામાં જ સંગ્રહ કરી શકાય છે. જ્યારે બોરસદના મોટાભાગના ગોડાઉન અને સ્ટોલ પર હજારો કિલોના જથ્થામાં દારૂખાનું ભરવામાં આવી રહ્યું છે. તદ ઉપરાંત નવાઈની વાત એ છે કે તમામ દારૂખાનાની દુકાનમાં હજુ સુધી રેતીની ડોલ અથવા પાણીના પીપ તેમજ આગ ઓલાવવા માટેના આગ શામક સિલિન્ડર ની પણ વ્યવસ્થા કરવામાં આવેલ નથી.

તદ્ ઉપરાંત વડોદરા ખાતેથી મળતું ફાયર સેફ્ટી નું સર્ટિફિકેટ બોરસદની કોઈપણ દારૂખાનાની દુકાનદારોએ મેળવવામાં આવ્યું નથી. જો ભવિષ્યમાં કોઈ આગ લાગશે તો એક સાથે આવેલી સળંગ 10 થી વધુ દારુખાના સ્ટોલ પર આગ ભભુકી ઊઠે તેમ છે સરકારના નિયમો મુજબ એક સ્ટોરની બાજુમાં બીજો સ્ટોર હોવો ન જોઈએ. જે નિયમનો બોરસદના ભંગ કરીને દારૂખાનાના સ્ટોર એકબીજાની લાઈનમાં લગાવવામાં આવ્યા છે. જેથી એક સ્ટોલ પર આગ લાગશે તો બીજા પણ સ્ટોલ સળગી ઉઠશે . આગ લાગવાના બનાવથી આજુબાજુ રહેતા વિસ્તારના લોકોનો જીવ પણ જોખમમાં મુકાય તેવી સ્થિતિ પરિણમી છે.

### ફાયર સેફ્ટીનું સર્ટિફિકેટ બોરસદમાં દારૂખાનાના દુકાનદારોએ મેળવ્યું નથી

બોરસદ પ્રાંત અધિકારી મામલતદાર તથા સ્થાનિક પોલીસ તંત્રને પણ ખબર હોવા છતાં કે ફાયર સેફ્ટીના લાયસન્સ નથી. તેમ છતાં તમામ સ્ટોરવાળાને આ ખાડા કાન કરીને હાલમાં ફટાકડાના વેચાણનો ધંધો કરવા દેવામાં આવી રહ્યો છે. જેની પાછળ મોટા વ્યવહાર પણ થયા હોવાનું લોકો ચર્ચા કરી રહ્યા છે. વડોદરા ખાતેથી મળતું ફાયર સેફ્ટી નું સર્ટિફિકેટ બોરસદની કોઈપણ દારૂખાનાની દુકાનદારોએ મેળવવામાં આવ્યું નથી .પરંતુ સરકારી તંત્ર ના પેટનું પાણી હજુ હાલતું નથી. જો કોઈ બોરસદમાં મોટી થાય અને કોઈ નિર્દોષનો જીવ ગુમાવવો પડશે તો તેની જવાબદારી પ્રાંત અધિકારી લેશે કે પોલીસ અધિકારી કે મામલતદાર લેશે એ પણ ચર્ચાઓ થવા પામી છે.

## નાર સ્થિત ગોકુલધામ પરીસરમાં 'માતૃ - પિતૃ વંદના' કાર્યક્રમ યોજાયો



ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાએ સ્નેહ, ત્યાગ અને આત્મીયતાના મૂર્તિરૂપ છે. આટલા મહત્વના જીવનદાતા પ્રત્યે સન્માન, શ્રદ્ધા અને કૃતજ્ઞતાની ભાવનાને ઉજાગર કરવા માટે ગોકુલધામ નાર ગુરૂકુલના બાળકો દ્વારા 'માતૃ પિતૃ વંદના' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ માતૃ - પિતૃ વંદના કાર્યક્રમ અંતર્ગત ગોકુલધામ હોસ્ટેલના બાળકોએ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા માતા-પિતાનું પૂજન અને ચરણ સ્પર્શ કરીને તેમનું પુષ્પમાળા દ્વારા સન્માન કરીને તેઓ પ્રત્યે કૃતજ્ઞતા અને સન્માનની ભાવના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ગોકુલધામ નારના શુકદેવપ્રસાદદાસજી સ્વામી, હરિકૃષ્ણદાસજી સ્વામી, જનમંગલદાસજી સ્વામી ઉપસ્થિત રહીને બાળકોને આશીર્વાદ આપ્યા હતા.

# રોકડીયા હનુમાનજી મંદિરમાં 31મીએ કાળી ચૌદશ ઉજવાશે

**હનુમાનજીના પૂજનનો** યોગ 31મીએ હોવાથી તે દિવસે કાળીચૌદશ ઉત્સવ ઉજવાશે



(પ્રતિનિધિ) આણંદ તા.27

આણંદ શહેરના રોકડીયા હનુમાનજી મંદિર ખાતે 31મી ઓક્ટોબરના રોજ કાળી ચૌદશની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે.

સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીભૂત આણંદ નિવાસી વડતાલ લક્ષ્મીનારાયણ દેવની ગાદીના રોકડીયા હનુમાનજી મંદિરે 31મી ઓક્ટોબરને ગુરૂવારના રોજ સંપ્રદાયના રીવાજ મુજબ મહંત શતગૂરૂ શાસ્ત્રીભક્તવત્સલદાસજી સ્વામી તથા શ્રીજી પ્યારક સ્વામી તથા હરિપ્યારક સ્વામીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઉત્સવનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે કાળીચૌદશનો યોગ 30મી ઓક્ટોબરની રાત્રીથી શરૂ થાય છે અને 31મીના રોજ સવારે હનુમાનજીના પૂજનનો યોગ હોવાથી તે દિવસે કાળીચૌદશ ઉત્સવ ઉજવાશે.

આ અંગે ટ્રસ્ટી સભ્ય હરિકૃષ્ણ પટેલના જણાવ્યા અનુસાર, હનુમાનજી દાદાની સવારે 4-30 મંગળા આરતી, 6-15 થી 7-00 અભીષેક, 8-30 કલાકે મારૂતી યજ્ઞનો પ્રારંભ થશે. બાદમાં બપોરે 12-30 કલાકે અન્નકુટ આરતી સાંજે 5-30 કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ વડતાલ ગાદીના પીઠાધીશ્વર આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે કરવામાં આવશે. આ શયન આરતી રાત્રે 11-30 કલાકે થશે. આ દીવસે મંદિરની પરંપરા મુજબ ખમણ- બુંદીનો પ્રસાદ સવારના 5-00 થી રાત્રે 11-30 સુધી રાખેલ છે. તો આ નિમિત્તે સમગ્ર ભક્તજનોને દર્શનનો લાભ લેવા નિમંત્રણ પાઠવ્યું છે.

# મહિસામાં પોલીસે રોકેલી કારમાંથી ગૌમાંસ પકડાયું

**મહીસાની** લુણી નદીના પુલ પર પોલીસે વોચ ગોઠવી ગાડી પકડી પાડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.27

મહુધા પોલીસે મહીસા લુણી નદીના પુલ ઉપરથી ફોર્ડ ગાડીમાં ગૌવંશના માસ ભરીને જતા ગાડીના ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાડી તેમજ માસ મળી કુલ રૂ.2.40 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મહુધા પોલીસને શનિવારે બાતમી મળી હતી કે મહીસા તરફથી ગૌવંશનું માસ ભરી ફોર્ડ ગાડી અલીણા તરફ આવી રહી છે જેથી પોલીસે મહીસા લુણી નદીના પૂલ ઉપર વોચ ગોઠવી હતી. આ દરમિયાન ખોખરવાળા તરફથી આવતી ગાડીને ઉભી રાખવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ગટરમાં ઉતારી દીધી હતી. જેથી પોલીસે ગાડીના ચાલકને ઝડપી પાડી પૂછપરછ કરતા સફી ગુલામ ઈસ્માઈલભાઈ પિંજારા રહેવાસી ચિખોદરા તાલુકો ગોધરા હોવાનું જણાવ્યું હતું. આ ગાડીની તલાસી લેતા ગૌવંશનું માસ 350 કિલો રૂ.35 હજારનું મળી આવ્યું હતું. જેથી પોલીસે આ ઈસમની વધુ પૂછપરછ કરતા ખોખર વાડાના વસીમ ખોખરે માસનો જથ્થો ફરી આપ્યાનું જણાવ્યું હતું. પોલીસે ફોર્ડ ગાડી રૂ.2 લાખની, માસ તેમજ મોબાઈલ નો મળી કુલ 2.40 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે મહુધા પોલીસે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

# વાંઠવાળીના યુવક સાથે ગઠિયાએ ₹2 લાખની છેતરપિંડી આચરી

**યુવતીનો ફોટો** મોકલી શારીરિક સુખની લાલચ આપી નાણા પડાવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.27

મહેમદાવાદના વાંઠવાળી ના યુવકને મોબાઈલમાં યુવતીઓના ફોટા મોકલી સેકસ ની લાલચ આપી સિક્યુરિટી ચાર્જના નામે રૂ. બે લાખ જેટલી રકમ પડાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે સાયબર ક્રાઈમનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામમાં રહેતો અભિષેક રાજ બાદુર શર્મા છેલ્લા દસેક વર્ષથી ટ્રાવેલ્સ કંપનીમાં નોકરી કરે છે. આ યુવક 25મી સપ્ટેમ્બર ના રોજ મોબાઈલ ફોનમાં ગુગલ મારફત મસાજની સાઈટ સર્ચ કરતો હતો. જેમાં એક નંબર દેખાતા ક્લિક કરતા એપ્લિકેશન ઓપન થઈ હતી. બાદમાં સામા વાળાએ યુવકનો વોટસ અપથી સંપર્ક કરી પોતાની ઓળખાણ મનીક ગોસ એસ્કોર્ટ સર્વિસ પ્રોવાઈડર તરીકે આપી હતી. આ યુવાનને શારીરિક સુખ માણવા અલગ અલગ યુવતીઓના વોટસ અપ પર પર ફોટા મોકલ્યા હતા. જે પૈકી યુવકે એક યુવતી પસંદ કરી હતી.જેથી ગઠીયાએ તારીખ ફિક્સ કરવા રજીસ્ટ્રેશન કરાવવા રૂ. છ હજાર ભરવાનું કહેતા યુવકે ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી હતી. બાદમાં સર્વિસ કોડ પેટે એક વ્યક્તિના રૂ.19,990 લેખે યુવક યુવતીના રૂ.39,980 રિફંડરેબલ રકમ જમાવવા કરાવવા તેમજ પોલીસ સિક્યુરિટી ચાર્જના રૂ.35,520 ઓનલાઈન જમા કરાવ્યા હતા.

આમ છતાં યુવકને જણાવેલ હોટલ બહાર ઉભો રાખી હોટલમાં એન્ટ્રી ન આપતા યુવકે પોતે ભરેલ રકમ પરત આપવા જણાવતા ગઠિયાએ આ રકમ પરત આપવા ઈન્કાર કર્યો હતો.

આમ ગઠીયાએ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધાની લાલચ આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે અભિષેક રાજ બહાદુર શર્માની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે સાયબર ક્રાઈમનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના આલમપુરા ગામમાં દ્રષ્ટિ - ડોન બોસ્કો દ્વારા નિ:શુલ્ક કેમ્પ યોજાયો



**કપડવંજ |** આલમપુરા ગામમાં દ્રષ્ટી -ડોન બોસ્કો સંસ્થા દ્વારા નિ:શુલ્ક આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં 30 સ્ત્રીઓ અને 20 પુરુષો મળી કુલ 50 વ્યક્તિએ ડોકટરની સારવાર મેળવીને નિ:શુલ્ક દવા મેળવી હતી. આ કેમ્પ દરમિયાન જરૂર જણાય તો દર્દીની ડાયાબીટીશ અને બ્લડ પ્રેશરની ચકાસણી પણ કરવામાં આવી હતી. જ્યારે નિષ્ણાંત ડો. હાર્દિક પટેલ દ્વારા સેવા આપવામાં આવી હતી. પ્રાથમિક શાળામાં યોજાયેલા આ કેમ્પમાં સરપંચ, આંગણવાડી કાર્યકર અને સ્વ સહાય જૂથના મહિલાઓ દ્વારા વિશેષ સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ સાથે જ આજના દિવસે ગામની આંગણવાડીમાં સવારના સત્રમાં કિશોરીઓ માટે અને બપોરના સત્રમાં સગર્ભા/ધાત્રી માતાઓ, નવપરણિત મહિલાઓ માટે આરોગ્ય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### કપડવંજમાં બીઆરસી ભવન ખાતે દિવ્યાંગોને મીઠાઈ અને શૈક્ષણિક કીટ આપવામાં આવી




**કપડવંજ |** કપડવંજ તાલુકા સમગ્ર શિક્ષણ પરિવાર અને દાતાઓના સહિયારા પ્રયાસથી કપડવંજ બી.આર.સી. ભવન ખાતે ઉત્સવ: 2024 કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી. જેમાં તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા લગભગ 300 જેટલા દિવ્યાંગ બાળકોને મીઠાઇ, ફરસાણ, નમકીન, બિસ્કીટ, ફટાકડા, સ્વેટર અને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કનૈયાલાલ જોષી જિલ્લા આઈઈડી કો.ઓર્ડીનેટર તથા એન.એમ. કલ્યાણી ડેપો મેનેજર કપડવંજ અને દાતા નીતાબેન મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાના ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓને પદવી અનાયત કરાઇ




**કપડવંજ |** કપડવંજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે ઓગસ્ટ 2024 ના સત્રમાં ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓને પદવી એનાયત કરવા માટે પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કપડવંજ વિસ્તારના સહકારી આગેવાન અને અમૂલ ડેરીના ડિરેક્ટર જયેશભાઈ પટેલ, કપડવંજ એપીએમસીના ચેરમેન ધવલભાઇ પટેલ, કપડવંજ નગરપાલિકાના ઉપપ્રમુખ નિરવભાઈ પટેલ, નગરપાલિકાના કારોબારી સભ્ય અલ્પેશભાઈ પંડ્યા નગરપાલિકાના સદસ્ય ચિન્ટુભાઈ પટેલ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રેરક પ્રવચન પૂરું પાડેલું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત જયેશભાઈ પટેલે સંસ્થાના ઉત્તીર્ણ થયેલા તમામ તાલીમાર્થીઓને ભવિષ્યમાં કોઈપણ મદદની જરૂર હોય તો તેઓને વિના સંકોચે સંપર્ક કરવા જણાવ્યું હતું.

### વિદ્યાનગરની વીસી પટેલ સ્કૂલમાં ઉડાન અંતર્ગત કલાકૃતિ પ્રદર્શન યોજાઇ



**આણંદ |** વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી.સી. પટેલ સ્કૂલમાં ઉડાન-2024 કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળામાં આશરે 300થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન, ગણિત અને ટેકનોલોજી ઉપરાંત સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમ રજુ કર્યાં હતાં. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની આવડત તેમની સ્કીલને બહાર લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ ઉડાન-2024માં પ્લાસ્ટિકના રિયુઝ, દેશમાં થયેલા કૌભાંડ અને ધો.11 સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયેલી કાર મુખ્ય આકર્ષણરૂપ રહી હતી.

### ગળતેશ્વરના પરબિયા પ્રાથમિક આરોગ્ય શાળામાં ટોબેકો ફ્રિ યુથ કેમ્પેઇન યોજાયું



**ગળતેશ્વર |** પરબિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. ચિરાગ ઠુકરાલ, આયુષ્ય મેડિકલ ઓફિસર ડો. વિશાલ શર્માના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શાળા પરાબિયામાં તમાકુના સેવનથી થતી આડઅસરોને રોકવા તેમજ બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા ટોબેકો ફ્રી યુથ કેમ્પેઇન 2.0 અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાથમિક શાળા થવાદ ખાતે વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિ નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આચાર્ય કિરીટભાઇ મકવાણાના સહયોગથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ચરોતર ગેસ દ્વારા કાર તથા બાઇક માટે સીએનજી ફીલીંગ સ્ટેશન શરૂ કરાયું



**આણંદ |** ચરોતર ગેસ સહકારી મંડળી લી દ્વારા લાઇટ કોમર્શિયલ વ્હીકલ તથા મિડિયમ કોમર્શિયલ વ્હીકલ તેમજ ટુ વ્હીલર બાઇક માટેનું સીએનજી ફીલીંગ સ્ટેશન વિઠ્ઠલ ઉદ્યોગનગર ખાતે શરૂ કરવામાં આવ્યુ છે. ચરોતર ગેસના ચેરમેન ધર્મેન્દ્રભાઈ જે. પટેલે રિબિન કાપીને ઉદ્દઘાટન કર્યું હતું. જ્યારે જોઇન્ટ મેનેજીંગ ડિરેક્ટર જયેશભાઇ જે. પટેલ સહિત ડિરેક્ટર હાજર રહ્યાં હતાં. સીએનજી બાઇક માર્કેટમાં આવતા ગેસની માંગ વધી છે. જેને ધ્યાનમાં રાખી બાઇક માટે ગેસ ફીલીંગ કરવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

### આણંદ શહેરની યુવતી બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં નેશનલ ચેમ્પિયન બની



આણંદ | લખનઉ ખાતે ઓલ ઇન્ડિયા સિનિયર રેન્કિંગ બેડમિન્ટન ટુર્નામેન્ટ 2024 યોજાઈ હતી. જેમાં વુમન સિંગલ કેટેગરીમાં સમગ્ર દેશની ટોપ મહિલા ખેલાડીઓ પોતાના શ્રેષ્ઠ પ્રાદર્શન માટે નેશનલ લેવલે ભાગ લેતા હોય છે. આ નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટમાં અમરીશ શિંદે 7 સ્પોર્ટ્સ એકેડેમી આણંદની ખેલાડી અદિતા રાવએ પ્રતિનિધિત્વ કરી પોતાની કારકિર્દીનું સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કરી નેશનલ ચેમ્પિયન બની છે. આદિતા રાવ છેલ્લા ત્રણ વર્ષથી અમરીશ શિંદે 7 સ્પોર્ટ્સ એકેડેમીમાં તાલીમ મેળવી રહી છે. તેઓને અમરીશની સાથે પુરુષોતમ અવાટે, ભાવિન જાદવ પાસે કોચીંગ મેળવી રહી છે.

### બોરસદની ઝારોલા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓએ વેકેશનમાં સદગુણોના વિકાસની પ્રતિજ્ઞા લીધી



**બોરસદ |** તાલુકાના ઝરોલાની હાઈસ્કૂલમાં વેકેશન પહેલાંના છેલ્લા દિવસ સુધી શિક્ષણ અને તેની સાથે વિદ્યાર્થીઓમાં શું નવું રેડી શકાય, પોતાનામાં હજુ શું ખૂટે છે ? તેની આત્મ ખોજ વગેરે પર ગહન કાર્યો થાય છે. બાલમંદિરથી ધો.12ના વિદ્યાર્થીઓને દિવાળીના મહત્વ વિશે વાત કરી હતી. મદદનીશ સુપરવાઇઝર મનીષભાઈ મેઘનાથીએ તમામ વિદ્યાર્થીઓને વેકેશનના સદુપયોગ, વાંચન, મોબાઈલનો ઉપયોગ નહીં કરવા, સમાજ સેવા કરવા, ફાસ્ટફૂડ ન ખાવા અંગે દીપની સાક્ષીએ પ્રતિજ્ઞા લેવડાવી હતી. વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા સાચા હૃદયથી લીધી હતી . વધુમાં અલગ અલગ ગામમાંથી આવતા વિદ્યાર્થીઓએ પોતપોતાના ગામમાં દિવાળી વાનગીઓની ચેરિટી કરી પોતાના ગામના ખૂબ જ નબળી પરિસ્થિતિ વાળા ઘરોમાં પ્રભુના પ્રસાદ તરીકે ભેટ આપી હતી.

### ભાઇકાકા યુનિવર્સિટી અને સરદાર પટેલ યુનિવર્સિટી વચ્ચે એમઓયુ કરાયાં




**આણંદ |** કરમસદ સ્થિત ભાઇકાકા યુનિવર્સિટી અને વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી વચ્ચે વધુ ત્રણ વર્ષ માટે સમજુતી કરાર થયાં છે. આ સમજૂતી કરાર સંશોધન અને વિકાસ, શિક્ષણ અને તાલીમ, આરોગ્ય સુરક્ષા અને સુવિધાના ઉપયોગને અનુલક્ષીને થયાં છે. આ પ્રસંગે ભાઇકાકા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય દરમસી, એસપી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. નિરંજન પટેલ ઉપરાંત બન્ને યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. જ્યોતિ તિવારી અને ભાઇલાલભાઈ પટેલ હાજર રહ્યાં હતાં. આ એમઓયુના ભાગરૂપે સરદાર પટેલ યુનિવર્સિટીના વર્ગ 3 અને 4ના કર્મચારી અને તેમના પરિવારજનોને શ્રીકૃષ્ણ હોસ્પિટલની આશીર્વાદ યોજના હેઠળ આવરી લેવમાં આવશે.

### બાકરોલ સ્થિત સ્પેક, ફાર્મસી અને અરમેઇન ફાર્માસ્યુટિકલ્સ વચ્ચે એમઓયુ કરાયું



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલના નેજા હેઠળ સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસી અને અરમેઇન ફાર્માસ્યુટિકલ્સ પ્રાઇવેટ લિમિટેડ વચ્ચે એમઓયુનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસી તરફથી એમઓયુના પ્રતિનિધિ તર્રીકે સેક્રેટરી શીતલ પટેલ અને અરમેઇન ફાર્માસ્યુટિકલ્સ પ્રાઇવેટ લિમિટેડના પ્રતિનિધિ તરીકે સુરેશ પટેલ (ડિરેક્ટર, અરમેઇન ફાર્માસ્યુટિકલ્સ પ્રાઇવેટ લિમિટેડ) હાજર રહ્યા હતા. આ એમઓયુથી વિદ્યાર્થીઓને તાલીમ અને મેન્ટરશિપ પુરી પાડવામાં આવશે.

### બોરસદમાં વંચિત વિકાસ સંગઠનની મિટિંગ યોજાઇ




**બોરસદ |** બોરસદના સારથીનગરમાં આશાદીપ દ્વારા સંચાલિત કાનૂની માર્ગદર્શન અને સહાય કેન્દ્રની ઓફિસ ખાતે વંચિત વિકાસ સંગઠન બોરસદની મિટિંગ યોજાઈ હતી. જેમાં ગુડેલ, પીપળોઈ, કાસોર, ગંભીરા, બોરસદ, ખાનપુર, વાસણા, દાવોલ, વાસદ, અંબાવ, વહેરા, ડભાસી, જંત્રાલ, બોદાલ જેવા ગામોમાંથી 42 બહેન અને 26 ભાઈ એમ મળી કુલ 68 લોકોએ ભાગ લીધો હતો. પ્રસ્તુત મિટીંગમાં સર્વાનુમતે ડો. રમણ માધવને કન્વીનર જ્યારે યાસ્મીન સૈયદ અને નગીનભાઈ મકવાણાને સંયોજક તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. વંચિતોને નડતા સામુદાયિક પ્રશ્નોના ઉકેલની દિશામાં રણનીતિ નક્કી કરવા માટે યોજાયેલી આ મિટીંગમાં આશાદીપના નિયામક જોન કેનેડી અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.